Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Digital Helpline No.- 0261 2388888
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

વિનયન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન ગુજરાતી વિષયની તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, NEP-2020 અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી અમલમાં આવેલ એસ.વાય.બી.એ.ગુજરાતી સેમેસ્ટર–૩ અને ૪ ના નમૂનારૂપ પૂર્વાપર સંદર્ભ સંદર્ભે ગુજરાતી વિષયની અભ્યાસ સમિતિની તા.૦૬/૧૨/૨૦૨૪ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૬ અન્વયે કરેલ ભલામણ વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિદ્યાશાખાવતી ડીનશ્રીએ મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૦૧/૦૩/૨૪ ની સભાના ઠરાવ ક્રમાંકઃ૧૦૪ અન્વયે માન.કુલપતિશ્રીને આપેલ સત્તા અંતર્ગત માનનીય કુલપતિશ્રી દ્વારા મંજૂર કરેલ છે. જેનો અમલ કરવા આથી જાણ કરવામાં આવે છે.

**<u>ગુજરાતી વિષયની અભ્યાસ સમિતિની તા.૦૬/૧૨/૨૦૨૪ ની સભાના ઠરાવ ક્રમાંકઃ૬</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫ થી અમલમાં આવેલ એસ.વાય.બી.એ.સેમેસ્ટર–૩ માં પેપર–૫ અને ૬ તથા સેમેસ્ટર–૪ માં પેપર–૮ અને ૯ સંદર્ભે બોર્ડે નમૂનારૂપ પૂર્વાપર સંદર્ભની પસંદગી કરી તે મંજૂર કરવા તા.૩૧/૦૮/૨૪ની સભાએ કરેલ વિનયન વિદ્યાશાખાને ભલામણને નવી બોર્ડ દ્વારા સ્વીકૃતી આપી વિનયન વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

(બિડાણઃ ઉપર મુજબ )

ક્રમાંકઃઓથોરીટીઝ/સિલેબસ/પરિપત્ર/૨૬૩૬૩/૨૦૨૪
તા.૧૨–૧૨–૨૦૨૪

કુલસચિવ

પ્રતિ,
૧) વિનયન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન ગુજરાતી વિષયની તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ.
...... આપશ્રીની કોલેજના સંબંધિત શિક્ષકો/વિદ્યાર્થીઓને જાણ કરી અમલ કરવા સારૂ.
૨) અધ્યક્ષશ્રી, વિનયન વિદ્યાશાખા.
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ.ગુ.યુનિવર્સિટી, સુરત.
.....તરફ જાણ તેમજ અમલ સારૂ.

## એસ.વાય.બી.એ. સેમેસ્ટર-૩

## ગુજરાતી પેપર - ૦૬ : ' વ્યથાનાં વીતક '

(1) ' મારું મરતું મોં જુએ , જો તું એને આ ઘરમાં લાવે તો. !' પૃ.૦૨

(2) 'મને એ મોકો મળે તો હું મારી જન્મદાત્રીને પરહરી, મારી મા તરીકે લાડુને જ બોટી લઉ.' પૃ.૧૮

(3) 'કેમ અલી મા, મારી હારુ રોટલો નથી રાખ્યો. ?' પૃ.૦૮

(4) 'આયા આયા તારે મને રંડાપાની ખબર આલવા આયા, ફુટલા કરમ મારા.' પૃ.૧૯

(5) 'મને લખમી ભેળો કર્ય, તો તું હાચો, નહીંતર ખોટો !'. પૃ.૩૪

(6) 'એવું તે થાય ભઈલા,! કોક જોવે તો બાર વગાડી દે.' પૃ.૫૨

(7) 'કઇ નહી પાદરી સાહેબ તો ભગવાનના માણસ, એ કશું ના કરે.' પૃ.૫૩

(8) 'તું મને નિરાંતે મરવા દે એમ નથી લાગતુ. !' પૃ.૫૭

(9) 'દાદા મર્યા તે દા'ડે અમારી હાચી મા મરી ગઈ જસ્યા.' પૃ.૭૧

(10) 'બોડી તકોડી માથામાં જીંગોડી, બાવો બોલાવે તૂ તૂ.'પૃ.૭૪

(11) 'જોઇશ, વચારેશ, ઈમને પૂછીને પછી વાત.' પૃ.૭૯

(12) 'તું તો અમારો તાપ હરી લે છ શામળી.' પૃ.૮૪

(13) 'ભાભી તમારા હુદિયાનો રાજા.' પૃ.૮૬

(14) 'સાંજે આવીને તમને દરિયો દેખાડવા લઇ જઇશ.' પૃ.૧૧૨

(15) 'તો પછી આનેજ આખરી પડાવ માનો ભાભી એમાજ તમારુ હિત છે.' પૃ.૧૧૮

(16) ' મળે તો બળદિયાની જોડ લેવા ગયા છે, બેહો હમણાં આવશે.' પૃ.૧૨૯

(17) 'કાકા, મંત્રીએ રાજમાં રહેવાનું કેમ ના માગ્યું ? પૃ.૧૩૮

(18) 'મોંઘવારીમાં ચાવલ કોણ આપે ?' પૃ.૧૫૧

(19) ' એ ભરોશો ક્યારેક ભારે ના પડે મા'રાજ.' પૃ.૧૫૨

(20) 'ને આ તમારા ઘરનો દીવો.' પૃ.૨૦૨

## એસ.વાય.બી.એ. સેમેસ્ટર – ૦૩

## ગુજરાતી પેપર-05 : ' કુંવરબાઈનું  મામેરું '

(1) ' ભાભીએ એક વચન કહ્યું, મહેતાને લાગી દાઝ
પરિત્યાગ કીધો ઘર તણો મહેતો ગયો વન તપ કાજ '

(2) 'દુઃખ વેળા મને સંભારજે, હું ધાઇ આવીશ તત્કાળ'.

(3) ' તને તે, વહુઅર ગેહેલું લાગ્યું ? મા મુઇ ત્યારે મહિયર ભાંગ્યુ. '

(4) ' જૂની વહેલ ને ધુસરી વાંકી, સાંગી સોટા ભાંગીજી
કોના તળાવા ને કોની પીંજણીઓ બળદ આવ્યા બે માગીજી.'

(5) ' ગોળ વિના મોળો કંસાર, માતા વિના સૂનો સંસાર. '

(6) ' ભારે મોટા બે પહાણ લખોને જે મહેતાથી અપાય વહુજી.'

(7) ' સાધુ પિતાને દુઃખ દેવાને મારે સીમંત શાને આવ્યુ?'

(8) ' માગ્યા મેહ વરસે મહેતાજી, તો અમ પાસે શું માંગો રે.'

(9) ' ઠગ નાગર કહે : થયું  માવઠું ! એમ થાય છે બહુવાર રે.
પ્રત્યક્ષ દીઠું, પ્રતીત  નાવી , તે કલિનો આચાર રે.'

(10) ' તારે મારે ચિંતા શાની ? મોસાળુ કરશે શ્રીહરિ .'

(11) ' બાઇ, કુંવરવહુનો બાપ કરશે મામેરું
હું તો લઈશ પટોળી શ્રીકાર, સાડી નહીં પહેંરુ. '

(12) ' નાગર સાથે કામ છે, સમજી લેજો વાત રે
સુણી નરસૈયાની વિનતી  ઉઠી ધાયા વૈકુંઠ નાથ રે.'

(13) ' સંભાળી કરો પહેરામણી એમ કહે સુંદર શ્યામ રે
વળી ઘટે તેવુ સોંપજો, અમ વાણોતર સરખુ કામ રે.'

(14) '....... પહેરામણી પહેરું નહી રે
વડી વહુ આગળ થઈ, હું ઘરડી તે પાછળ થઈ.'

(15) ' સાસરિયાંનું મહેંણુ ટળ્યું: પિયર પનોતી કુંવર વહુ.'

(16) ' નામ મહેતો પણ નો'ય નાગર દીસે દુર્બળ બ્રાહ્મણજી.'

એસ વાય બી એ સેમેસ્ટર ૦૪

ગુજરાતી પેપર - ૦૮ અર્વાચીન કૃતિ : કાવ્ય વિશેષ : રમેશ પારેખ

પૂર્વાપર સંદર્ભ

૧. લોલ, ઊભી આંગણે નાગરવેલ કે પાંદડા તૂટ્યા કરે રે લોલ
ઓરડે વાની મારી કોયલ આવે ને કાંઈ ઊડ્યા કરે રે લોલ.

૨. આંખો તો મોગરાની ડાળીનું નામ
એને શમણું જોયાનું ફૂલ ઝૂલે

3 લીંબોળી વાવીને છાંયડા ઉછેરું પણ ચોમાસુ કેમ કરી વાવવું ?

૪. સુક્કો દુકાળ તારા દેશમાં છતાં ય
અરે, સૂક્કો દુકાળ મારા દેશમાં છતાં ય

૫. ખીંટીએ ઓઢણીને પૂછ્યું કે : ક્યાં હાલ્યા ?
ઓઢણી એ કીધું કે : ઉડવા

૬. મને પૂછો કે ઘર મારું કેવડું
મારા વાલમજી બાથ ભરે એવડુ

૭. જાવુ કહો કેમ જઈશું અને આવશું કેવી રીત, કહેશો કે - આવ.

૮. મારા સપનામાં આવ્યા હરિ
મને બોલાવી, ઝુલાવી, વહાલી કરી.

૯. મારા ફળિયામાં આવ્યા હરિ
મને અણથક આંખોથી દેખતી કરી.

૧૦. મારા ઓરડામાં આવ્યા હરિ
મને આંખોથી ચાખીને એઠી કરી.

૧૧. મારા રુદિયામાં આવ્યા હરિ
મારી સુરતામાં કૂણી કૂણી પીંછી ફરી

૧૨. અહીં આપણે બે અને વરસાદ ભીંજવે
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે

૧૩. આવ, સખી આવ, એને છંછેડી નાખ, તારી મહુવરમાં મૂંઝાતો રાગ છે.

૧૪. કોઈ નથી કરતું પડપૂછ, મને ખમ્મા..
મારા ચ્હેરાનું ઘરેણું મારી મૂછ, મને ખમ્મા..

૧૫. થોડોક ભૂતકાળ મેં આપ્યો હશે કબુલ
તું એને ધાર કાઢીને પાછો ન મોકલાવ.

૧૬. પાંદડું કેવી રીતે પીળું થયું કોને ખબર ?
એટલે કે ઝાડમાંથી શું ગયું કોને ખબર ?

૧૭. આ સંકેતો, આ અફવાઓ, આ સંદર્ભો, આ ઘટનાઓ
આખેઆખો નકશો ક્યારે બદલાવી દે, કહેવાય નહીં

૧૮. કોઈ લા.ઠા., ચિનુ, આદિલજી બુલેટિન જેવું બોલે છે :
અહીંયા સૌ માણસ હોવાનો આઘાત લઈને આવ્યા છે.

૧૯. અમારી બરછટ બરછટ હથેળીઓને તમે ટેરવાં ભરી કેટલી વાર પીધાનું યાદ

૨૦. તમને
મારા લોહીમાં લીલું રમતા ઝામણ નાગ,
વળાવું તમને...

## એસ વાય બી એ સેમેસ્ટર ૦૪
## ગુજરાતી પેપર - ૦૯
## અર્વાચીન કૃતિ : જ્યોતીન્દ્ર દવેની પ્રતિનિધિ હાસ્ય-રચનાઓ
## પૂર્વાપર સંદર્ભ

૧. 'નહીં, નહીં એનું નામ તો મત્સ્યગંધા - માછલી જેવી ગંધાતી.'

૨. 'મહાભારત કોઈ માણસનું નામ નથી એ તો ફક્ત નાટકનું નામ છે.'

૩. 'સર્વ વિરામચિન્હોમાં ભયંકરમાં ભયંકર પ્રશ્ન ચિન્હ છે.'

૪. 'પણ માણસ સત્ય સમજવા જ ન માંગે તેનો ઉપાય શો ?'

૫. 'તારે શરીરે તે કાતર છે કે શું ?'

૬. 'તું નહીં તો તારી બહેન બીજી.'

૭. 'વારુ, જોજો હો ગુરુવારે જવાબ આપવો પડશે.!'

૮. 'હું કોણ ?' હું કોણ ?'

૯. 'ખરેખર આટલી ઉંમરે ઘરભંગ થયા એ બહુ ખેદકારક છે.'

૧૦. 'આખી દુનિયાને સુધારવા કરતા પોતાની જાતને સુધારવી એ જ સુખી થવાનો માર્ગ છે.'

૧૧. 'જ્ઞાનની પેઠે ગાળ પણ વાપરવાથી વધે છે.'

૧૨. 'ખરેખરા અર્થમાં એ કલા છે.'

૧૩. 'યંત્રવાદે માણસોને યંત્ર જેવા બનાવી દીધા છે.'

૧૪. 'અને એક રીતે આપણે સૌ પણ ઘડિયાળો જેવા જ છીએ ને ?'

૧૫. 'પણ તારું શરીર તો જો. આ શરીરે તું કુસ્તી કરી શકશે ?'

૧૬. 'એક શરતે જવા દઉં તમે કબૂલ કરો કે હું હાર્યો.'

૧૭. 'જેને પ્રભુએ ભેગા કર્યા છે તેને છૂટા પાડવાની હિંમત રખે કોઈ કરે'

૧૮. 'શીશી ઊઘાડવાનું કાર્ય એવરેસ્ટ ચડવા કરતા ઓછા મહત્વનું નથી'

૧૯. 'એમ ત્યારે "નથી" ઉપર લખો'

૨૦. "કાં તો તું નથી કે હું નથી"